## શાંતિલાલ શાહ ઈજનેરી કોલેજ ખાતે ઉદ્યોગગૃહો દ્વારા સંસ્થામાંથી ઉતીર્ણ તેજસ્વી વિદ્યાર્થીઓના સન્માન નો કાર્યક્રમ યોજાયો

પ્રતિષ્ઠિત ઉદ્યોગગૃહો ઈન્વેસ્ટમેન્ટ એન્ડ પ્રિસીશન કાસ્ટિંગ્ઝ, ભાવનગર તથા હાઈમેક લિમિટેડ, વડોદરાના સહયોગથી શાંતિલાલ શાહ સરકારી ઇજનેરી કૉલેજ માંથી વર્ષ 2021 માં બી.ઇ. તથા એમ.ઇ. ઇજનેરી વિદ્યાશાખાઓ માંથી પ્રથમ તથા દ્વિતીય ક્રમાંક ઉપર ઉતીર્ણ તેજસ્વી વિદ્યાર્થી ઓ નું ગોલ્ડ તથા સિલ્વર મેડલ તથા પ્રમાણપત્ર દ્વારા સન્માન કરવાનો ગૌરવપૂર્ણ કાર્યક્રમ તા. 15.3.2022 ના રોજ શાંતિલાલ શાહ ઈજનેરી કોલેજ ખાતે યોજાયેલ. ઉચ્ચ ગુણાંકથી ઉતીર્ણ થયેલ આ વિદ્યાર્થીઓનું આઇપીસીએલ મેરીટ એવોર્ડ તથા સ્વ. કેયૂર વ્યાસ મેરીટ એવોર્ડ થી સન્માન કરાયેલ. આઇપીસીએલ તરફથી ડાયરેક્ટર શ્રી બી. કુમારે ઍવોર્ડ વિજેતાઓ ને પોસ્ટ-કોવિડ સમયમાં ઇન્ડસ્ટ્રીની અપેક્ષાઓ વિષે છણાવટ કરી હતી. શાંતિલાલ શાહ ઇજનેરી કોલેજ ના ઉદ્યોગગૃહો સાથે સંકલન કરવા ના અભિગમ ને તેઓએ બિરદાવેલ. સંસ્થા ના આચાર્ય ડો. એમ. જી. ભટ્ટે સન્માનિત વિદ્યાર્થી ઓ ને ઉજ્જ્વળ શૈક્ષણિક કારકિર્દી બાદ ઉચ્ચ વ્યવસાયિક કારકિર્દિ પ્રાપ્ત કરી સંસ્થા ને ગૌરવ અપાવવા બદલ અભિનંદન તથા શુભેચ્છાઓ આપેલ.

